# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 07-02-2026** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Saturday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

(સમાચારને અંતે)

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફૉલો કરશો.

------------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# CM AMBAJI CORRIDOR

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે શક્તિપીઠ અંબાજી ખાતે અંબાજી કૉરિડોર પરિયોજનાના પ્રથમ તબક્કા હેઠળ અંદાજે 950 કરોડ રૂપિયાના વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત કર્યું. આ પ્રસંગે સંબોધન કરતા શ્રી પટેલે કહ્યું, આગામી 25 વર્ષની જરૂરિયાતને ધ્યાનમાં રાખી આ કૉરિડોર તૈયાર કરાશે. આ પરિયોજના માટે કુલ એક હજાર 632 કરોડ રૂપિયા મંજૂર કરાયા છે. પ્રથમ તબક્કામાં થનારી આગામી કામગીરી અંગે પણ શ્રી પટેલે માહિતી આપી.

**(BYTE: BHUPENDRA PATEL, CHIEF MINISTER)**

આ પ્રસંગે શ્રી પટેલે અંબાજીના પ્રવેશદ્વાર ત્રિશુળિયા ઘાટ પર 16 ફૂટ ઊંચા દિવ્ય અખંડ શક્તિ ત્રિશુળનું અનાવરણ કર્યું. દરમિયાન ઋષિકુમારોએ વૈદિક મંત્રોચ્ચાર સાથે અખંડ શક્તિ ત્રિશુળનું વિધિવત્ અનુષ્ઠાન સંપન્ન કર્યું.

. . . . . . . . . . . . .

# CM SAMYA PRAJAPATI MULAKAT

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે બનાસકાંઠાની પીએમ શ્રી ઉત્તમપુરા ડાંગિયા અનુપમ પ્રાથમિક શાળાની મુલાકાત લીધી. ગયા વર્ષે યોજાયેલા

શાળા વ્યવસ્થાપન સમિતિના વીડિયો સંવાદ દરમિયાન શ્રી પટેલે વિદ્યાર્થિની સામ્યા પ્રજાપતિને શાળાની મુલાકાતનું વચન આપ્યું હતું. આજે મુખ્યમંત્રીએ આ વિદ્યાર્થિની સાથે પ્રત્યક્ષ સંવાદ કરતાં તેમણે આનંદની લાગણી વ્યક્ત કરી.

**(BYTE: SAMYA PRAJAPATI)**

. . . . . . . . . . . . .

# BAHUCHARAJI TO AMBAJI

મહેસાણામાં બહુચરાજી મંદિર ટ્રસ્ટ દ્વારા બહુચરાજીથી અંબાજી સુધી નિઃશુલ્ક બસ સેવા શરૂ કરવાનો નિર્ણય કરાયો છે. બહુચરાજી ખાતે જિલ્લા કલેક્ટર એસ. કે. પ્રજાપતિની અધ્યક્ષતામાં મંદિર ટ્રસ્ટની બેઠક યોજાઈ. તેમાં દર પૂનમે બહુચરાજી ખાતે દર્શનાર્થે આવતા ભક્તો શક્તિપીઠ અંબાજીમાં દર્શન કરી શકે તે માટે આ સેવા શરૂ કરવાનો નિર્ણય લેવાયો.

. . . . . . . . . . . . .

# ARAVALLI SHALA SALAMATI

અરવલ્લી જિલ્લામાં અગ્નિશમન દળની ટુકડીએ શાળાઓમાં વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓને માર્ગદર્શન આપ્યું. શાળા સલામતી સપ્તાહની ઉજવણી અંતર્ગત યોજાયેલા કાર્યક્રમમાં દળે આગની દુર્ઘટનામાં બચવા માટેના પગલાં વિશે સમજ આપી. મોડાસા

નગરપાલિકા અગ્નિશમન દળના અધિકારી હેમરાજસિંહ વાઘેલાએ વધુ માહિતી આપી.

(BYTE: HEMRAJSINH VAGHELA, FIRE OFFICER)

. . . . . . . . . . . . .

# NAVSARI HAND BALL SPARDHA

નવસારીમાં આજથી શરૂ થયેલી રાજ્યકક્ષાની હૅન્ડબોલ સ્પર્ધામાં પહેલા દિવસે ત્રણ મેચ રમાઈ. ખેલ મહાકુંભ અંતર્ગત બિલિમોરાની વી. એસ. પટેલ મહાવિદ્યાલય ખાતે ઑપન વયજૂથની ભાઈઓની સ્પર્ધાનો આજથી પ્રારંભ થયો છે, જેમાં સાત ટીમ ભાગ લઈ રહી છે.

નર્મદા અને બોટાદની ટીમ વચ્ચે રમાયેલી પહેલી મેચમાં નર્મદાની ટીમનો 32-24ના સ્કોર સાથે વિજય થયો. જ્યારે બીજી મૅચમાં આણંદ સામે S.A.G. અકાદમી ટીમનો અને ત્રીજી મેચમાં વલસાડ સામે મહેસાણાનો વિજય થયો છે.

. . . . . . . . . . . . .

# SOUTHERN COMMAND INVESTITURE CEREMONY

અમદાવાદમાં ગઈકાલથી બે દિવસ સધર્ન કમાન્ડ ઇન્વેસ્ટિયર સમારંભ યોજાયો. તેમાં લેફ્ટનન્ટ જનરલ ધીરજ સેઠ, પરમ વિશિષ્ટ સેવા મેડલ - PVSM, ઉત્તમ યુદ્ધ સેવા મેડલ - UYSM, અતિવિશિષ્ટ સેવા મેડલ

- AVSM, જનરલ ઑફિસર કમાન્ડિંગ-ઇન-ચીફ, સધર્ન કમાન્ડે 34 વિશિષ્ટ કર્મચારીઓને બહાદુરી, શૌર્ય અને રાષ્ટ્ર પ્રત્યેની વિશિષ્ટ સેવા બદલ પુરસ્કાર એનાયત કર્યા. 33 એકમને પણ સંચાલન શ્રેષ્ઠતા, વ્યાવસાયિક સિદ્ધિ અને ઉત્કૃષ્ટ પ્રદર્શન બદલ "GOC-ઇન-C, સધર્ન કમાન્ડ યુનિટ પ્રશસ્તિપત્ર"થી સન્માનિત કરાયા.

આ પ્રસંગે સંબોધન કરતાં સૈન્ય કમાન્ડરે તાજેતરના અભિયાન અને કવાયતો દરમિયાન સધર્ન કમાન્ડ દ્વારા દર્શાવાયેલી ઉચ્ચ સંચાલન તૈયારી, સંયુક્તતા અને મલ્ટી-ડૉમેઇન ક્ષમતાને રેખાંકિત કરી હતી. તેમણે એકીકૃત ક્ષમતાને મજબૂત બનાવવા અને દેશની સુરક્ષા સુનિશ્ચિત કરવાના ઉદ્દેશથી સંચાલન તૈયારી, ટેકનોલૉજિકલ આધુનિકીકરણ અને આંતરસંસ્થા તાલમેલ પ્રત્યે નિરંતર પ્રતિબદ્ધતાની પણ પુષ્ટિ કરી હતી.

. . . . . . . . . . . . .

# SABARKANTHA NAKLI DUDH

સાબરકાંઠામાં ખોરાક અને ઔષધ નિયમન તંત્રએ એક હજાર 370 કિલો શંકાસ્પદ દૂધનો નાશ કર્યો. સલાલ ખાતે તંત્રએ LCB સાથે મળી સંયુક્ત તપાસ હાથ ધરી. દરમિયાન સ્થળ પરથી મિશ્ર દૂધ બનાવવા માટે ઉપયોગમાં લેવાતા શંકાસ્પદ તેલ, પાઉડર અને ખાતર જેવા જોખમી પદાર્થ મળી આવ્યા હતા. તંત્ર દ્વારા ભેળસેળ માટે ઉપયોગમાં લેવાતા સામાનના નમૂના લઈ પૃથક્કરણ માટે પ્રયોગશાળામાં મોકલાયા છે.

. . . . . . . . . . . . .

# Rajkot sports meeting

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા જાહેર હેતુ ઉપયોગી પરિયોજનાઓના આયોજન માટે એક પરિપત્ર જાહેર કરાયો છે. તે અંતર્ગત નાગરિકલક્ષી સુવિધાઓના કોઇ પણ નવી પરિયોજનાઓના આયોજન પહેલા સંબંધિત ક્ષેત્રના હિસ્સેદારોનો અભિપ્રાય લેવો ફરજિયાત કરાયો છે. આ નવી પહેલના અનુસંધાને ગઇકાલે મહાનગરપાલિકાના કમિશનર તુષાર સુમેરાએ વિવિધ રમતગમત ક્ષેત્રના નિષ્ણાતો સાથે મહત્વની બેઠક યોજી હતી.

. . . . . . . . . . . . .